*DAD-1901010201020402*

# DAD-1901010201020402 Seat No. _______

## B. A. (Sem. II) (CBCS) (WEF-2019) Examination

**April - 2022**

## Gujarati : Paper-4 (Elective-1) (Optional)

***(ગુજરાતી વ્યાકરણ, સર્જન-લેખન કૌશલ-૨)***

***(New Course)***

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) બધા જ પ્રશ્નોના ગુણ સરખા છે.

(2) કોઈ પણ પાંચ પ્રશ્નોના ઉત્તર આપો.

1 ગદ્યખંડનું વિવરણ કરો. **14**

'માનવને વધારે સંસ્કારી, વધારે સુંદર, વધારે શક્તિશાળી બનાવવા માટે ધર્મ છે. એટલે જ્યાં ધર્મ પાળવા માનવને અન્યાય થતો હોય ત્યાં ધર્મને સાધનરૂપ માની પુનર્યોજના કરવી ઘટે. સઘળા ધર્મો માનવધર્મ શીખવા માટે છે. માનવ પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન કરાવે, જુદાઈ શિખવાડે, માનવને હલકો ગણતાં શિખવાડે, એ સઘળી વાતો ધર્મની ન હોઈ શકે. મનુષ્ય ધર્મ પાળે છે તે પોતાની જાતને ઊંચી ઠરાવવા માટે નહીં, ખરેખર ઊંચી બનાવવા માટે. એવી શ્રેષ્ઠ મનોદશા પ્રાપ્ત કરવા માટે એનો જે ધ્યેયમંત્ર હોય તે આટલો જ હોય : 'હું માનવ છું, માનવધર્મ સમજુ અને માનવ માટે જીવું.' કારણ કે સઘળા ધર્મો મહાન છે, પણ માનવધર્મ એથી પણ મહાન છે. જેમ સાચી મહત્તા સાદી હોય છે, એમ આ માનવધર્મ પણ સાદો છે.'

- ધૂમકેતુ

2 ગદ્યખંડનું વિવરણ કરો. **14**

'પ્રજાની સંસ્કૃતિનું પ્રતિબિંબ મહદ્અંશે તેની જીવનરીતિમાં પડે છે, પણ તેથીયે મહત્તર અંશે તે પ્રજાની વિચાર પ્રક્રિયાઓમાં અને જીવન પ્રત્યેના તેના દૃષ્ટિબિંદુમાં પ્રતિબિંબિત થાય છે. આ બધું જીવનરીતિ, વિચાર પ્રક્રિયાઓ, જીવનદંભ અને આંતરિક ઝંખનાઓ પ્રજાની કલાઓ અને સાહિત્ય દ્વારા અભિવ્યક્તિ પામે છે અને એટલે કોઈ પ્રજાની કલાઓ અને સાહિત્ય તે તે સાંસ્કૃતિક સમૂહની ભાવમૂર્તિનો સબળ રીતે પ્રક્ષેપ કરી શકે છે. આ વિધાનમાં રહેલું તથ્ય અનુભવવા બહુ લાંબે જવું પડે તેમ નથી. જીવનનાં દર્શન અને તેનાં પ્રત્યેના ભાવ અને અભિગમનાં

દૃષ્ટિબિંદુથી જોઈએ તો પ્રાચીન ભારતની કલાઓ અને સાહિત્ય, પ્રાચીન ગ્રીસની કલાઓ અને સાહિત્ય કરતાં ભિન્ન સ્તર પર પ્રસ્થાપિત થયેલાં દેખાય છે. પ્રાચીન ભારત અને પ્રાચીન ગ્રીસ બંનેએ તેમનાં ગૌરવાન્વિત યુગો દરમિયાન અપાર કલાકૃતિઓ સર્જી છે, પણ તે કૃતિઓની ભાત અને અભિવ્યક્તિ તદ્દન ભિન્ન-ભિન્ન સ્તરની છે.'

- ગુલાબદાસ બ્રોકર

3 સંક્ષેપીકરણ કરો. **14**

'ઘરનું એક સભ્ય માંદુ હોય અને જે અહેસાસ અન્ય સભ્યોને થતો હોય છે, તેવી જ લાગણી ઘરમાં ટેલિવિઝન બંધ હોય ત્યારે થતી હોય છે. ટી.વી. બગડ્યું હોય તો ઘરમાં બધાં સભ્યો 'બગડતાં' હોય છે. ઘરમાં માંદા થયેલ સભ્ય કદાચ કલાકમાં સાજા ન થાય, પરંતુ ટી.વી. તો કલાકમાં રીપેર થઈ જ જવું જોઈએ. ઘરમાં બંધ રહેલું નાદુરસ્ત ટી.વી. ઘરનાં દુરસ્ત સભ્યોની તબિયત બગાડે છે. ટી.વી. આજે ઘરનું એક સભ્ય બની ગયું છે. મમ્મી કે પપ્પા બે દિવસ બહારગામ ગયાં હોય તે સાંખી શકતી આજની પેઢી બે દિવસ ટી.વી. બંધ હોય તે સહન કરી શકતી નથી. ટી.વી. આપણાં ઘરોમાં મનોરંજનનું એક માત્ર સાધન રહી ગયું છે. મમ્મીને પોતાના કામ કરવા માટે અને બાળકોને એંગેજ રાખવા માટે ટી.વી. ચાલુ કરી આપવું એ એક સરળ ઉપાય છે. બાળકો મા-બાપને હેરાન પરેશાન ન કરે તે માટેનો મોટો અને સારો વિકલ્પ ટી.વી. સામે બેસાડી દેવાનો છે. મા-બાપનો એક જ એજન્ડા- 'ટી.વી.માં એને જે જોવું હોય તે જુએ અને જે રમવું હોય તે રમે, પરંતુ અમને હેરાન ન કરે.'

- ડૉ. સંતોષ દેવકર

4 સંક્ષેપીકરણ કરો. **14**

'નદીને જો કોઈ ઉપમા છાજે તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુષ્કાળની બીક તો રહે જ નહીં. મેઘરાજા દગો દે ત્યારે નદી માતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતલ હવા. નદી કાંઠે કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય. નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલી એ નદીને જ આભારી હોય. સાચે જ નદી જનસમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ આપણે ફરતાં હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય છે ? શહેરનું મેલું વાતાવરણ ક્યાં ? અને નદીનું પ્રસન્ન દર્શન ક્યાં ? તરત જ ફેર જણાઈ આવે છે. નદી ઈશ્વર નથી, પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરુને વંદન ઘટે છે, તો નદીને પણ વંદન કરવું ઘટે છે.

- કાકાસાહેબ કાલેલકર

5 વિરામ-ચિહ્નોનો ઉપયોગ વાક્યમાં કરવા વિશે તમારો અભ્યાસ સ્પષ્ટ કરી જે-તે દરેક ચિહ્નો માટે પ્રયોજાતી નિશાનીની ઓળખ સદૃષ્ટાંત આપો. 14

6 જોડાક્ષર (સંયુક્તાક્ષર)ની પદ્ધતિઓ અંગે ઉદાહરણ સાથે વિગતવાર સમજૂતી આપો. 14

7 'દ્વન્દ્વ' અને 'બહુવ્રીહિ' સમાસની વ્યાખ્યા આપી, તેના પ્રકારોની સદૃષ્ટાંત સમજૂતી આપો. 14

8 'તત્પુરુષ' અને ઉપપદ સમાસને વ્યાખ્યાયિત કરી, તેના પ્રકારોની દૃષ્ટાંત સાથે વિસ્તૃત ચર્ચા કરો. 14

9 સૂચના પ્રમાણે ઉત્તર આપો : 14

(અ) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.

(1) હથેળીમાં ચાંદ બતાવવો.

(2) આડખીલીરૂપ બનવું.

(3) આંખની કીકી હોવું.

(4) આંગળી આપતાં પહોંચો પકડવો.

(5) ઊલટી ગંગા વહેવી.

(6) ઊઠાં ભણાવવા.

(7) ઊંડા પાણીમાં ઊતરવું.

(બ) નીચેની કહેવતોનો અર્થ આપો.

(1) ચોર કોટવાળને દંડે

(2) જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ

(3) જર, જમીન ને જોરું એ ત્રણે કજિયાનાં છોરું

(4) ઢમ ઢોલ માંહે પોલ

(5) તેલ જુઓ તેલની ધાર જુઓ

(6) ધોળું એટલું દૂધ નહીં

(7) નમે તે સૌને ગમે

**10** સૂચના પ્રમાણે ઉત્તર આપો. **14**

(અ) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.

(1) કાચું કાપવું

(2) ખોળો પાથરવો

(3) કાટલું કાઢવું

(4) કાળી ટીલી

(5) જીવ ખાવો

(6) જીવ પડીકે બંધાવો

(7) દાળમાં કાળું હોવું

(બ) નીચેની કહેવતોનો અર્થ આપો.

(1) નાનો તો પણ રાઈનો દાણો

(2) પાકે ઘડે કાંઠા ન ચડે

(3) પહેલું સુખ તે જાતે નર્યા

(4) બોલે તેનાં બોર વેચાય

(5) ભાવતું હતું ને વૈદે કીધું

(6) ભેંસ આગળ ભાગવત

(7) મોરનાં ઈંડાને ચીતરવાં ન પડે